હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

વૃક્ષનાં છેદન માટે અને કાંઇ કરી શકીએ અમ નથી... પરંતુ જાયન્ટ ઓક્સિજન પ્લાંટ કેવી રીતે બનાવવા એ વિષય પર ચર્ચા કરીશુ...

ચિલોડા ખાતે કાનૂની શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૨૭

સમાજની સામાજિક રૂઢિઓ, રીતરિવાજો-દહેજ-ઘરેલુ હિંસા, સામાજિક બદીઓ તેમજ લગ્નવિષયક વગેરેમાં બિનજરૂરી ગુનાઓ અને ખર્ચાઓનું પ્રમાણ વધતું જાય છે. પુરૂષ તથા સ્ત્રીની અસમાનતાએ સમાજમાં સામાજિક રીતરીવાજો, બદીઓ, ગુનાહીત પ્રવૃત્તિઓના ભોગ મહિલાઓને ભોગવવા પડે છે. દીકરાઓનું મહત્વને કારણે અનેક સમસ્યાઓ ગંભીર પ્રશ્નોથી સમાજમાં કન્યાઓનું પ્રમાણ ઘટતું જાય છે. સ્ત્રીભૃણ હત્યા એ સમાજ માટે કલંકરૂપ બાબત છે. ત્યારે ગર્ભધારણમાં ગર્ભસ્થ શિશુની જાતિ જાણવાની વૃત્તિ વધતી જાય છે. પરિણામે સમાજની અધોગતિ જોવા મળી રહી છે. પુરૂષ તેમજ સ્ત્રીઓ વચ્ચે મોટી તિરાડ સર્જાતા લગ્નવિષયક પ્રશ્નો અને દુષણો વધ્યાં છે. આ કાયદા અંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ એસ. પટેલ દ્વારા કાયદાની જાણકારીના હેતુસર ચિલોડા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આ કાયદાની વિસ્તૃત જાણકારી પ્રસાર પ્રચાર અર્થે આરોગ્યકર્મી સાથે કાનૂની શિક્ષણ શિબિર દ્વારા વિગતવાર સમજણ આપી હતી.

શાળાઓમાં વેકેશન ચાલી રહ્યુ છે. બાળકો વિવિધ પ્રવૃત્તિઓ કરી અને વિવિધ સ્થળોની મુલાકાત લઈ વેકેશનનો સમયગાળો આનંદથી પસાર કરી રહ્યા છે. જો કે ગરીબ અને શ્રમજીવી પરિવારના બાળકોને આવી સાહ્યબી ભોગવવી નસીબમાં નથી હોતી. વેકેશન પડે એટલે તેઓ પરિવારને કેવી રીતે મદદરૂપ બની શકાય તેવા પ્રયત્નો કરે છે. ફૂલની લારી ચલાવી ગુજરાન ચલાવતા આ પરિવારની નાનકડી દીકરી ફૂલોનો હાર બનાવી રહી છે અને પરિવારને મદદરૂપ બની રહી છે.

સેકટર-૭ શ્યામજી કૃષ્ણવર્માના પાર્કિંગમાંથી બે લાખનો દારૂ ઝડપાયો

એસેન્ટ અને વર્ના કારમાં દારુનો જથ્થો રાખી છુટક વેચાણ કરતા હતા. એલસીબી પોલીસે બે ગાડીમાંથી ૭૬૮ બોટલ દારૂ-બિયરના જથ્થા સાથે એક શખ્સને પકડી પાડી રૂ.૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૭ સરકારી વસાહતના પાર્કિંગમાંથી વિદેશી દારુ-બિયરનો જથ્થો ઝડપાયો છે. એલસીબી પોલીસે પાર્કિંગમાં પાર્ક કરેલી બે ગાડીમાંથી વિદેશી દારૂ-બિયરની કુલ નંગ-૭૬૮ બોટલ ઝડપી પાડી કુલ રૂ. ૮ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી એક યુવકની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ અને સ્ટાફના કર્મચારીઓએ ટીમો બનાવી બુટલેગરના સ્થાનો પર વોચ ગોઠવી માહિતી એકઠી કરવા સતત કાર્યરત હતા.તે સમયે એલસીબી-૨ ના હેડ કોન્સ્ટેબલ હસમુખ હેમુભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૭ શ્યામજી કૃષ્ણ વર્માફલેટ સરકારી વસાહતના પાર્કિંગમાં મંથન ભરતભાઈ સોલંકી (રહે.સેકટર-૩૦ ૬૩૭-૭ બી ટાઈપ) નાની ગાડીઓમાં વિદેશી દારુ લાવી છુટક વેચાણ કરે છે. જયારે દારૂ-બિયર ભરેલી ગાડીઓ સેકટર-૭ શ્યામજી કૃષ્ણ વર્મા ફલેટના પાર્કિંગમાં પાર્ક કરી રાખે છે. બાતમીને પગલે એલસીબી-૨ એ વોચ ગોઠવી રાખી હતી. તે સમયે આ પાર્કિંગમાંથી એક શખ્સને તેના ખીસ્સામાં રહેલા બિયરની ટીન સાથે ઝડપી પાડી તેની ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. આ શખ્સની પુછપરછ કરતા અન્ય દારુનો જથ્થો પાર્કિંગમાં પાર્ક કરેલી બે ગાડીઓમાં રાખેલો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે શખ્સને સાથે રાખી પાર્કિંગમાં રહેલી બે ગાડીઓની અંદર ચેક કરતા મોટીમાત્રામાં વિદેશી દારુ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. એલસીબી પોલીસે દારુ-બિયરની બોટલ નંગ કુલ-૭૬૮ કિં.રૂ.૨,૦૧,૬૦૦, વર્ના કાર કિં.૪.૫૦ લાખ, એસેન્ટ કાર કિં.૧.૫૦ લાખ મળી કુલ રૂ.૮ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ સેકટર-૭ પોલીસ ચલાવી રહી છે.

પકડાયેલ આરોપી - બાકી આરોપી, તેમજ કબ્જે કરાયેલ મુદ્દામાલ

સોલંકી મંથન ભરતભાઈ (ઉં.૨૪ રહે.૬૩૭-૭બી ટાઈપ સે-૩૦ ગાંધીનગર) અને જયારે બાકી આરોપી અજય ઠાકોર ઉર્ફે ભઈલુ (રહે ગોતા ગામ અમદાવાદ),

જયારે વર્ના ગાડી નં.જી.જે.૦૧.કે.આર.-૬૧૧૦ અને એસેન્ટ કાર નં. કે. એલ. ૦૭. એ. એ.- ૫૨૫૨ અને દારુ-બિયરની બોટલ નંગ-૭૬૮ કબ્જે કરેલ છે.

ખૂણેખાંચરેથી

- મહાત્મા મંદિર ખાતે યોજાનાર સહકાર સંમેલનને લઈ આજે મોકડ્રીલનું આયોજન કરાયુ હતુ.
- આજે દહેગામ ખાતે જિલ્લા ભાજપની કારોબારી સમિતિની બેઠક મળી હતી.
- ૩૧મીના વડાપ્રધાન મોદીના સંવાદ કાર્યક્રમને લઈ તંત્ર દ્વારા તેના આયોજનની તૈયારીઓની સમીક્ષા માટે કલેક્ટર કચેરીમાં સાંજે બેઠક યોજાઈ હતી.
- લાઈવસ્ટોકઈન્સ્પેક્ટરની પરીક્ષાનું પરિણામ જાહેર કરાયુછે.
- સે. ૨૫ ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસો. અને મિલાપ ટાટરિયા તેમજ સહકાર કોલોની દ્વારા ૪ થી ૬ જૂન દરમ્યાન ત્રિદિવસીય સ્વરક્ષણ તાલિમનું આયોજન કરાયુ છે.
- લલિત કલા એકેડમી દ્વારા બાળકો માટે યોજાયેલ સમરકેમ્પનું આજે રંગારંગ કાર્યક્રમ સાથે સમાપન થયુ છે.
- માર્ગ મકાન વિભાગ દ્વારા ના.કા.ઈ. અને અ.મ.ઈ.ની બદલીના હુકમો કરવામાં આવ્યા છે.
- વડાપ્રધાન મોદીના આજના ગાંધીનગરના પ્રવાસને લઈ ૫૦૦ જેટલા કર્મયોગીઓના કોરોના ટેસ્ટ મનપા દ્વારા કરાયા છે.
- આજે મહાત્મા મંદિરના સહકાર સંમેલન વેળાએ મનપાની સાત ટીમો દ્વારા થયેલ સ્ક્રીનીંગની કામગીરી કરાશે.
- આઈપીએલની ફાયનલ માટેના ક્વોલીફાયર રાઉન્ડનો ફિવર ગાંધીનગરમાં જબરજસ્ત છવાયેલો જોવા મળ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદોને લઈ હવે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

પ્રાંતિયા ગામની આઠ ગુઠા જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવનાર બે શખ્સ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક પ્રાંતિયા ગામની સીમમાં સર્વે નં.૩૧૫-૦૦૨ ની જમીનમાંથી ૮ ગુઠા જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડી ગેરકાયદેસર કબ્જો જમાવી દેતા બે શખ્સો સામે ખેડુતે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પ્રાંતિયા ગામના ખેડુત રૂમાલજી ભવાનજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે. રૂમાલજીની વડીલો પાર્જીત જમીન પ્રાંતિયા ગામની સીમમાં આવેલી છે. જેનો નવો સર્વે નં.૩૧૫ છે (જુનો સર્વે નં-૨૪૭)ની હે.ચો.મી.૦-૮૯-૩૯ ની કુલ જમીન આવેલી છે. તે જમીનના કુલ ક્ષેત્રફળમાંથી ૦-૪૦-૪૭ મજીનનો રજીસ્ટ્રી દસ્તાવેજ નંબર ૧૩૬૭૩ તા.૨-૧૧-૨૦૦૭ થી ગીરીશભાઈ ચીનુભાઈ શાહ (રહે.તૃપ્તી સોસાયટી ભદ્રા પાલડી અમદાવાદ) ને ચુકતે અવેજ લઈને વેચાણ આપી છે.

તે વેચાણ દસ્તાવેજની રેવન્યું રેકર્ડનમાં નોંધ નંબર ૧૯૭૬ થી પ્રમાણિત છે. ત્યારથી આ જમીનના પૈકી હિસ્સામાં (હાલ સર્વે નં.૩૧૫-૦૦૧ સર્વે નંબરના માલિક રૂમાલજી ખેડુત પોતે છે. તે સિવાયની બાકી રહેલી જમીન - ૪૮-૯૨ (હાલ સર્વે નં૩૧૫-૦૦૨) ના માલિક ખેડુત છે તે વડીલો પાર્જીત કૌંટુબીક જમીન છે. જેમાં ખેડુત રૂમાલજી ખેતી તેમજ પશુપાલનનો ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ત્યારે ખેડુતે જે તે સમયે ગીરીશ ચીનુભાઈ શાહને વેચાણ કરેલી જમીન હાલના સમયે પ્રાંતિયા ગામના ખેડુત હરજીભાઈ મફતભાઈ રબારીને વાવેતર કરવા માટે આપી છે.જયારે હરજી મફતભાઈ રબારી અને ગીરીશ ચીનુભાઈ શાહ સામે ખેડુતે પોતાની વડીલો પાર્જીત ૮ ગુઠા જમીન પાચવી પાડવા અને જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવવા બદલ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવી છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારમાં જમીનના ભાવ આસમાનને આંબતા ભુમાફિયાઓ સક્રિય બન્યા છે. ખેડુતોની મહામુલી કરોડો રૂપીયાની જમીન પચાવી પાડવા માટે જમીન કૌંભાડીઓ ગમે તેવા અખતરા કરતા જોવા મળે છે.

સમસ્ત વણકર સમાજ સંસ્થા દ્વારા 'વણકર પ્રતિભા સન્માન' કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ સંસ્થા દ્વારા ૨૯મીએ રવિવારે 'વણકર પ્રતિભા સમ્માન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શિક્ષણક્ષેત્રે સંકળાયેલા શિક્ષકો, આચાર્યો, પ્રોફેસરોએ પોતાની વિગતો એમ.એમ. ગોહેલ મો. ૮૧૬૦૨૬૯૯૭૮ પર મોકલવાની રહેશે.

પ્રાંતિયા-લવારપુર ગામની સીમમાં ૮ બોરકુવા પરથી કેબલની ચોરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક પ્રાંતિયા-લવારપુર ગામની સીમમાં ૮ ખેતરમાં બોરકુવા પરથી મોંઘાદાટ કેબલની ચોરી થતા ખેડુતોમાં ફફટાડ ફેલાયો છે. કેબલ ચોર સક્રિય થતા ખેડુતોની ચિંતા વધી જવા પામી છે. ત્યારે ખેતરમાં કેબલ ચોરીને પગલે ખેડુતે ચોકી પહેરો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી કેબલ ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. કેબલ ચોર રાત્રીના સમયે ખેતરમાં ત્રાટકી કિંમતી કેબલ કાપી જતા ખેડુતને ભારે નુકશાની વેઠવી પડે છે. જયારે કેબલ ચોર આસપાસના ખેતરમાં પણ ત્રાટકી બોર કુવા પરથી કેબલ ચોરી કરી પલાયન થઈ જતા હોય છે. જયારે પાકમાં પાણી માટે ખેડુત રાત્રે કે દિવસે મોટર ચાલુ કરવા માટે ખેતરમાં બોરકુવા પર આવે ત્યારે મોટર ચાલુ ન થતા કેબલની ચોરી થયાની જાણ થાય છે.ગ્રામ્ય વિસ્તારમાં કેબલ ચોરીની ઘટના સર્જાતા ખેડુતોમાં ભય ફેલાયો છે. ત્યારે પ્રાંતિયા તેમજ લવારપુર ગામની સીમમાં છેલ્લા કેટલાક દિવસોમાં કેબલ ચોરીની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. મળતી વિગત મુજબ આઠ જેટલા ખેડુતના બોરકુવાર પરથી કેબલની ચોરી કરી ચોર શખ્સોએ હાહાકાર મચાવ્યો છે.ત્યારે ખેડુતો દ્વારા કેબલ ચોરી અંગે પોલીસને જાણ પણ કરાઈ છે.

માલિકને હનીટ્રેપમાં ફસાવવાનું કાવતરુ કરનાર ત્રણ સામે પોલીસ મથકે ફરીયાદ નોંધવા અરજી કરાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના એક વાણીજય કોમ્પ્લેક્ષમાં આઉટસોર્સની એજન્સીના માલિક સામે ગણતરીના દિવસ નોકરી પર ગયેલી યુવતિએ છેડતીની ફરીયાદ નોંધાવી છે. ત્યારે આ માલિક સામે દયા ડાકણને ખાય તેવો ઘાટ સર્જાયો છે. આઉટસોર્સની એજન્સીમાં અગાઉ કામ કરી ચુકેલી યુવતિની ભલામણને પગલે નોકરી પર રાખી હતી. ત્યારે યુવતિએ છેડતીનો આક્ષેપ કર્યો છે તે દિવસોમાં માલિક આઉટસોર્સના કામ માટે બહાર ગામ ગયા હતા. ત્યારે આઉટસોર્સિંગની ખાનજી એજન્સીના સંચાલક દ્વારા હનીટ્રેપમાં ફસાવવાનું કાવતરુ કરનાર ત્રણ સામે ફરીયાદ નોંધવા માટે સેકટર-૭ પોલીસ મથકે અરજી કરાઈ છે.

રામકથા મેદાનમાં મેંગો મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના રામકથા મેદાન ખાતે તા. ૨૭ થી ૨૯ મે દરમિયાન આયોજિત ત્રિદિવસીય રાષ્ટ્રીય મેંગો મહોત્સવનું ઉદઘાટન કરી આ મહોત્સવમાં સહભાગી થઈ રહેલા અલગ અલગ રાજ્યોના કેરીના ઉત્પાદકો અને વિક્રેતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

તેમણે આ ઉત્પાદકો અને વિક્રેતાઓના સ્ટોલની મુલાકાત લઈને કેરીની જાત અને વાવેતરથી લઈને ઉત્પાદન અને વેચાણ સુધીની વિગતો જાણવામાં ઊંડો રસ દર્શાવ્યો હતો. આ કાર્યક્રમમાં શ્રમ રોજગાર રાજ્યમંત્રી બ્રિજેશભાઈ મેરજા કહ્યું કે એગ્રીકલ્ચર ટુરિઝમને વિકસાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.આ મેંગો ફેસ્ટિવલમાં ભારતના વિવિધ પ્રાંતમાં ઉત્પાદિત થતી કેરીઓનું વેચાણ સહ પ્રદર્શન કરવામાં આવ્યું છે. દેશના અલગ અલગ રાજ્યોના કેરી ઉત્પાદકો અહીં એક જ સ્થળે મળતી ગુણવત્તા સાથે કેરીનું ઉત્પાદન કેવી રીતે વધારી શકાય તે માટે જ્ઞાનનું આદાન-પ્રદાન પણ કરશે. આ મહોત્સવમાં ઉત્તરપ્રદેશની અંબિકા, અરૂણીકા, અરૂનિમા, પ્રતિભા, પિતાંબરા, લાલીમા, શ્રેષ્ઠ, સુર્યા, હુસનેરા, નાઝુક બાદન, ગુલાબ ખસ, ઓસ્ટીન, દશેરી, ચાઉસા, લંગડા, અમીન ખુર્દ, ગ્લાસ આમ્રપાલી, મલ્લિકા, ક્રિષ્ના ભોગ, રામ ભોગ, રામકેલા, શેહદ કુપ્પી, જરદારૂ, લખનૌવા સફેડા, જોહરી, સફેડા, બેંગ્લોરા, અમીન દુધિયા, બદામી ગોલા, બુધિયા, યુક્તિ, ફઝિલ, કેસર, લંબુરી, નારદ, સુરખા પરા, સુરખા, દશેરી, ચૌસા, લંગરા, આમ્રપાલી, મલ્લિકા, બોમ્બે ગ્રીન, યથાર્થ, મહારાષ્ટ્રની રત્નાગીરી, પશ્ચિમ બંગાશની હિમસાગર, આમ્રપાલી, બિહારની મૈદા, જરદાળુ ક્રિષ્નાભોગ, રાજસ્થાનની દશેરી, મલ્લિકા, લાંગરા, કેસર, કર્ણાટકની કર્ણાટકા આલ્ફાન્ઝો અથવા બદામી મેંગો, કેરળની તોતા અને સુંદરી, આંધ્રપ્રદેશની બદામ, દિલ્હીની આલ્ફાન્સો, તમિલનાડુના તોતા અને સુંદરી, ગુજરાતની કેસર, હાફુસ કેરી તથા કેરીનું અથાણું, છૂંદો, મેંગો પલ્પ, શેક જામદર સહિતની અન્ય વેરાઈટીનું ૫૦ થી વધુ સ્ટોલમાં પ્રદર્શન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવ દરમિયાન વિવિધ મનોરંજક સ્પર્ધાઓ સાંસ્કૃતિક કાર્યક્રમો અને બાળકો માટે ખાસ એક્ટિવિટીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય શંભૂજી ઠાકોર, ગાંધીનગર મેયર હિતેશ મકવાણા, પ્રવાસન સચિવ હારીત શુકલ, પ્રવાસન કમિશનર આલોકકુમાર પાંડે, કલેકટર કુલદીપ આર્ય સહિત દેશભરના કેરી રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં "શ્રેષ્ઠ શિક્ષક"ની પસંદગી અને પુરસ્કારની પસંદગી પ્રક્રિયામાં ફેરફાર

અન્ય વ્યક્તિ, સમાજ કે સંસ્થા પણ શ્રેષ્ઠ શિક્ષકના ઉમેદવારના નામ સૂચવી શકશે : જિલ્લા પસંદગી સમિતિએ આવી વ્યક્તિના કાર્યની ચકાસણી અને પસંદગી પ્રક્રિયામાં નામનો સમાવેશ કરાશે

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોને પ્રોત્સાહિત કરવાના આશયથી પ્રતિ વર્ષ "શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક" એનાયત કરવામાં આવે છે. આ શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી પ્રક્રિયામાં શિક્ષણ વિભાગ દ્વારા ફેરફાર કરાયો છે. જેમાં વ્યક્તિ, સમાજ કે સંસ્થા પણ શ્રેષ્ઠ શિક્ષકોના ઉમેદવારના નામ સૂચવી શકશે. જિલ્લા પસંદગી સમિતિએ આવા વ્યક્તિઓના કાર્યના સ્થળની ચકાસણી કરી પસંદગી પ્રક્રિયામાં તેઓના નામનો સમાવેશ કરવાનો રહેશે એમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે રાજ્યની સરકારી, બિનસરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમીક ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોનો પોતાના કાર્યમાં જોમ અને જૂસ્સો વધે અને તેઓ પ્રોત્સાહિત થાય તેવા ઉમદા હેતુથી શિક્ષણ વિભાગે રાજ્યના 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે પસંદગી કરવાના હાલના માપદંડમાં સુધારો કરાયો છે જેમાં, પસંદગી માટે અન્ય વ્યક્તિ, સમાજ કે સંસ્થા પણ શ્રેષ્ઠ શિક્ષકનાં ઉમેદવારનાં નામ જિલ્લા પસંદગી સમિતિને સૂચવી શકશે. જિલ્લા પસંદગી સમિતિએ પણ નિયત નમૂનામાં દરખાસ્ત મેળવી તેવી વ્યક્તિઓનાં કાર્યની પણ સ્થળ ચકાસણી કરી પસંદગી પ્રક્રિયામાં સમાવેશ કરાયો છે. પુરસ્કારની શ્રેણીમાં તાલુકાકક્ષાના, જિલ્લાકક્ષાના અને રાજ્યકક્ષાએ એવોર્ડની પસંદગી માટે અનુભવ કામગીરીને ધ્યાને લેવાનો રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે તાલુકાકક્ષાએ રૂ. ૫,૦૦૦ રોકડ પુરસ્કાર જિલ્લાકક્ષાએ રૂ. ૧૫,૦૦૦ અને રાજ્યકક્ષાએ રૂ. ૫૧,૦૦૦ રોકડ પુરસ્કાર સાથે સાલ, પ્રમાણપત્ર તથા જે તે શાળા માટે બ્રાસ પ્લેટ એનાયત કરવામાં આવે છે. શ્રેષ્ઠ શિક્ષક તરીકેની પસંદગીના માપદંડમાં શિક્ષણ વિભાગે કરેલા મહત્વના ફેરફારોના આધારે આગામી શિક્ષક દિવસે શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ માટે તાલુકા, જિલ્લા અને રાજ્યભરના શિક્ષકોની પસંદગી કરીને આગામી પમી સપ્ટેમ્બર-૨૦૨૨ના રોજ શ્રેષ્ઠ શિક્ષક તરીકેના એવોર્ડથી સન્માનિત કરાશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
(ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત)
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ-૫, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૧. ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૯/૭૬
વેબસાઈટ : www.cugujarat.ac.in

જાહેરાત : ૦૨/૨૦૨૨

કરાર આધારિત ભરતી માટે વોક-ઈન-ઈન્ટરવ્યૂ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે 'શિશુનિકેતન' (જીવંત શિક્ષણ : જીવન શિક્ષણ) માટે નીચે જણાવેલ જગ્યા તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત ફિક્સ પગારથી ભરવાની છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ વોક-ઈન-ઈન્ટરવ્યૂ માટે નીચે જણાવેલ દિવસ અને સમયે યુનિવર્સિટી ખાતે સ્વખર્ચે ઉપસ્થિત રહેવું.

ક્રમ	જગ્યાનું નામ	લઘુત્તમ લાયકાત	અગ્રિમતા	સંખ્યા	ઈન્ટરવ્યુ તારીખ	ઈન્ટરવ્યુ સમય
૧	શિશુનિકેતન શિક્ષક	પ્રિ-પિટીસી/ પીટીસી + TET-1	Diploma/ Certificate in Pre-School Education Diploma/ Certificate in Early Childhood Care & Education/ B.Ed./ M.Ed./ Certificate Course in Child Development	૦૩	૩/૬/૨૦૨૨ શુક્રવાર	સવારે ૯ વાગ્યે

ઉપરોક્ત જગ્યા માટે અરજીપત્રક અને અન્ય વિગતો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ - http://recruitment.cugujarat.ac.in/ પર જોઈ શકાશે.
તારીખ : ૨૭/૫/૨૦૨૨ — ડો. અશોક એન. પ્રજાપતિ
સ્થળ : ગાંધીનગર — કુલસચિવ (I/C)
માહિતી/૪૬૩/૨૨-૨૩ — ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

સેકટર- ૧૧માં સેવખમણીની લારી ચલાવતાં

પ્રકાશભાઈએ પોતાના દીકરાને બિઝનેશ મેનેજમેન્ટના અભ્યાસ અર્થે કેનેડા મોકલ્યો

કોરોના બાદ સરકારની પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના મારા જેવા લારી- ગલ્લા વાળા માટે આર્શીવાદ રૂપ છે - પ્રકાશ પટેલ

ગાંધીનગરઃ શુક્રવારઃ

કેનેડા અભ્યાસ અર્થે જવાનો અને ત્યાં જ પોતાના સુવર્ણ ભવિષ્યની કેડી કંડારવાનો અનેક નવયુવાનોનું સ્વપ્ન હોય છે. આ સ્વપ્ન ઘણા ન યુવાનોનું પૂર્ણ થતું નથી. પરંતુ ગાંધીનગરમાં સેવખમણીની લારી ચલાવતા પ્રકાશભાઇ પટેલે પોતાના દીકરાના વિદેશ અભ્યાસ કરવાના સ્વપ્નને સાકાર કર્યું છે. તેમનો દીકરો ત્રણ માસ અગાઉ જ કેનડામાં બિઝેનશ મેનેજમેન્ટનો અભ્યાસ કરવા ગયો છે.

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના શિવપુરા ગામના પ્રકાશભાઇ પટેલ મૂળ વતની છે. ધોરણ- ૮ સુધી ભણેલા પ્રકાશભાઈ છેલ્લા ૧૭ વર્ષથી ગાંધીનગરમાં ધંધા- રોજગાર અર્થે વસવાટ કરી રહ્યા છે. હાલમાં તેઓ વાવોલ ખાતે શિવેશ ફલેટમાં એચ- ૧૦૨માં રહે છે. પોતાની સેવ-ખમણીની લારી સેકટર- ૧૧ આવેલા કોર્મશિયલ કોમ્પ્લેક્ષની સામે ચલાવે છે. તેઓને સંતાનમાં એક દીકરો જ છે. તેનું નામ શાહિલ છે. તેણે બી.એસ.સી સુધીનો અભ્યાસ કર્યો છે.

મારા દીકરા શાહિલને આગળ અભ્યાસ કરવા વિદેશમાં જવાની ઈચ્છા હતી, તેવું કહી પલકવાર માટે તેઓ અટકી ગયા હતા. થોડાક ધીમા સ્વરે બાલ્યા કે, કોરોનાના કારણે ખાણીપીણીના ધંધામાં ભારે મંદી આવી હતી. આર્થિક મંદીનો અનુભવ થતો હતો. એક સમયે આ ધંધો હવે, ચાલશે કે નહિ, તેવી પણ ચિંતા થતી હતી. કોરોનાની લહેર વર્ષ- ૨૦૨૧ ના જૂન માસ પછી સરકારના રસીકરણના અભિયાનના કારણે ધીમી પડી ગઇ હતી. ધંધા- રોજગાર ખુલ્લવા માંડયા હતા. તેના સાથે રોજગારની એક નવી આશા જીવંત બની હતી.

છેલ્લા બે વર્ષથી ધંધા- રોજગાર નહિવત રહ્યા હોવાના કારણે જીવનની તમામ આંકડાકીય ગણતરી ખોટી પડવા લાગી હતી. આર્થિક ભીડ તો

થકી સરકારે કર્યું હતું.

આ અંગેની મને જાણ થતાં મે ગાંધીનગર મહાનગરપાલિકાનો સંપર્ક કર્યો હતો. તેમણે માંગેલા યોગ્ય પુરાવવા મે તેમને આપતાં માત્ર ગણતરીના દિનમાં મને રૂપિયા ૧૦ હજારની લોન મળી ગઇ હતી. તે સમયે આ નજીવી કહી શકાય તે રકમ મારા માટે લાખો રૂપિયા બરાબર હતી. આ લોનની સહાય મળતા અને કોરોનાનો કેર ઘટતા લોકો સામાન્ય જીનજીવન પર આવવા લાગ્યા હતા. મારી ફાસ્ટ ફૂડનો સ્ટોલ પહેલાની જેમ ધમધમવા લાગ્યો હતો. જેના પરિણામે આજે હું મારો વ્યવસાય પહેલાની જેમ કરવા લાગ્યો છું

આ સહાયના કારણે મને ધંધામાં માલ-સામાન ભરવામાં અનુકુળતા રહી હતી. મારા દીકરાને વિદેશ અભ્યાસ માટે મોકલી શકીશ તેવો આત્મ વિશ્વાસ પણ મને મળ્યો હતો. આજથી ત્રણ માસ પહેલા જ મારો દીકરો કેનેડામાં બિઝનેશ મેનેજમેન્ટ અંગેનું ભણવા ગયો છે.